ગુજરાત સરકાર,
સામાન્ય વહીવટ વિભાગ
સચિવાલય, ગાંધીનગર,
તા. ૦૬ઠ્ઠી સપ્ટેમ્બર, ૨૦૧૯

**જાહેરનામું**

ક્રમાંકઃ ગસ-૨૫-૨૦૧૯-જસર-૧૦૨૦૧૮-૧૪૧૧-ઘ- ગુજરાત સરકાર દ્વારા તા.૦૩જી નવેમ્બર-૨૦૧૮ના જાહેરનામાથી કેલેન્ડર વર્ષ ૨૦૧૯ માટે સરકારી કચેરીઓ તથા બેંકો માટે જાહેર રજાઓ જાહેર કરવામાં આવેલ છે.

આ જાહેરનામાના ભાગ-૧ રાજ્ય સરકારની કચેરીઓ માટેની રજાઓના ક્રમ-૧૬ આગળ દર્શાવેલ જાહેર રજા તથા ભાગ-૩ વટાઉખત અધિનિયમ (૧૮૮૧) અંતર્ગત બેંકો માટેની રજાઓના ક્રમ-૧૧ આગળ દર્શાવેલ જાહેર રજાઃ

"મહોરમ (આશૂરા) ૧૧મી સપ્ટેમ્બર, ૨૦૧૯ / ૨૦, ભાદ્રપદ, ૧૯૪૧, બુધવાર" ના રોજ જાહેર કરવામાં આવેલ હતી. હવે તેના સ્થાને

"મહોરમ (આશૂરા) ૧૦મી સપ્ટેમ્બર, ૨૦૧૯ / ૧૯, ભાદ્રપદ, ૧૯૪૧, મંગળવાર" ના રોજ જાહેર રજા જાહેર કરવામાં આવે છે.

તા.૧૧/૦૯/૨૦૧૯, બુધવારના રોજ તમામ સરકારી કચેરીઓ તથા બેંકોનું કામકાજ રાબેતા મુજબ ચાલુ રહેશે.

આ હુકમો રાજ્ય સરકાર હસ્તકના બોર્ડ / કોર્પોરેશન તેમજ પંચાયત કચેરીઓના કર્મચારીઓને પણ લાગુ પડશે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

જા. નં.: મ/3/11585
જિલ્લા શિક્ષણાધિકારી કચેરી,
જિલ્લા સેવા સદન-૨, બ્લોક,
ત્રીજો માળ, અઠવાલાઈન્સ, સુરત
તા.: 6/9/2019

જવલંત ત્રિવેદી
સરકારના અધિક સચિવ
સામાન્ય વહીવટ વિભાગ
ગુજરાત સરકાર

પ્રતિ,
આચાર્યશ્રી
સુરત જિલ્લા/શહેરની મા.ઉ.મા.
શાળાઓ તરફ જાણ થવા સારુ

જિલ્લા શિક્ષણાધિકારી,
સુરત, જિલ્લો, સુરત.

D/Darshit/Holiday.doc

Scanned with CamScanner